# ચોર પડયો ચાટ

– યશવંત મહેતા

મુલ્લા નસરુદ્દીનને તો તમે ઓળખો જ છો. એ ગરીબોનો બેલી છે. ભોળાનો મદદગાર છે, પણ ભૂંડાઓનો દુશ્મન છે. ઠગ, ચોર, લૂંટારા, વ્યાજખોર, બેઇમાન લોકોને એ હંમેશાં નફરત કરે છે.

મુલ્લા નસરુદ્દીનને ઘેર એક વાર ચોર પેઠો.

નસરુદ્દીન સમજી ગયો. નક્કી કોઈ ચોર આવ્યો છે. ચોર જ આમ આસ્તે આસ્તે આગળ વધે. પછી કોઈ બારી–બારણું ચતુરાઈથી ખોલે. ઘરમાં પેસીને કિમતી માલ ઉઠાવી લે.

નસરુદ્દીને નક્કી કર્યું કે આ ચોરને બરાબરનો પાઠ ભણાવવો. એ ચોરી કરવાની ખો ભૂલી જાય.

એટલે નસરુદ્દીને ઊલટાનું એક બારણું ખોલી નાખ્યું. ચોર ધીમે ધીમે એ બારણે આવ્યો. એણે બારણાને ધક્કો મારી જોયો. બારણું ખૂલી ગયું. ચોર ખુશ થઈ ગયો. અહીં રહેનારાઓ સાવ બેફિકર લાગે છે !

ચોર ઘરમાં ફરવા લાગ્યો. ફરતાં ફરતાં એણે એક પેટી જોઈ. ચોરને લાગ્યું કે નક્કી આ જ આ લોકોની ખજાનાની પેટી હશે.

આમ વિચારીને ચોરે તો પેટી ઉઠાવી.

પેટી ખૂબ ભારે હતી. અને ઊંચકવામાં ખૂબ તકલીફ પડતી હતી. કેડના કટકા થઈ જતા હતા. પસીનો છૂટી જતો હતો.

પણ ચોરને આનંદ હતો. જે પેટી આટલી બધી ભારે છે એમાં માલ કેટલો મોંઘો ભર્યો હશે ! આજે તો હું માલામાલ થઈ જઈશ !

પેટી ઊંચકીને ચોર દૂર સુધી લઈ ગયો. ઘનઘોર વનમાં પહોંચ્યો. પછી હાશ કરતાં એણે પેટી ઉઘાડી. પસીનો લૂછ્યો.

પણ એનું મન કૂદકા મારતું હતું. જલદી પેટી ઉઘાડું ને જલદી ખજાનો ભાળું !

એટલે એણે તો પેટીનો નકૂચો ખોલ્યો. ફટાક લઈને ઢાંકણ ઉઘાડયું. ત્યાં તો....

ત્યાં તો પેટીમાંથી અવાજ આવ્યો : ‘હા, હા, હા, હા! હો, હો, હો, હો !’

ચોર તો ડરનો માર્યો ગબડી પડયો. ઘડીભર લાગ્યું કે પેટીમાં ભૂત છે !

ત્યાં તો પેટીમાંથી નસરુદ્દીન ઊભો થયો. એ બોલ્યો : ‘કેમ, મારા ચોર દોસ્ત ! મહેનત માથે પડી ને ! હા, હા, હા ! જીવતો ખજાનો મળ્યો !’



ચોર હાંફતાં હાંફતાં બોલ્યો : 'અલ્યા, લોકો તો પેટીમાં ધન રાખે. ઝવેરાત રાખે. આમ માણસને પેટીમાં સૂતેલો પહેલી વાર ભાળ્યો !'

ચોર તો ગુસ્સે થઈ ગયો. એકદમ તલવાર તાણીને પેટી ઊંચકવાથી એના સાંધેસાંધા ઢીલા થઈ ગયા હતા. એ લાંબું દોડી ન શક્યો, અને નસરુદ્દીન તો ગડગડતી દોટ મૂકીને ઘરભેગો થઈ ગયો.

ચોર બિચારો કપાળ કૂટીને રહી ગયો.

પણ ચોરને નસરુદ્દીન પર ખરેખરાની ખીજ ચડી ગઈ. ચોરે નક્કી કર્યું કે હવે નસરુદ્દીનને બરાબરનો પાઠ ભણાવવો. અરે, લાગ આવે તો એનું માથું જ વાઢી નાખવું !

ચોરે એક બીજું કામ પણ કર્યું. ચોરીછૂપીથી લોકોના ઘરમાં ખાતર પાડવાનો ધંધો એણે છોડી દીધો. એ વાટપાડુ બની ગયો. ઘોડેસવાર થઈને વગડાની વાટે ઘૂમતો રહે. કોઈ એકલદોકલ વટેમાર્ગુ દેખાય એને લૂંટી લે.

એને આશા હતી કે નસરુદ્દીન પણ કોઈક ને કોઈક દિવસ વનવાટે મળી જશે. ક્યારેક તો એ પરગામ જશે, અને મારે હાથે ઝડપાઈ જશે. અને ત્યારે એના પર મારું વેર વસૂલ કરીશ.

એને આવો મોકો પણ બહુ જલદી મળી ગયો. કોઈ એક ગામમાં નસરુદ્દીનનો ભાઈબંધ રહેતો હતો. એણે સંદેશો મોકલ્યો કે ખ્વાજા, એક વાર મળી જાવ.

એટલે નસરુદ્દીન ભાઈબંધને ગામ જવા નીકળ્યો. ગામ છેટું નહોતું. એટલે એ પગપાળો જ નીકળેલો.

નસરુદ્દીન ચકોર માણસ હતો. એણે જોયું કે આગળ જરાક સાંકડો મારગ આવે છે. મારગની બેય બાજુ ટેકરીઓ છે અને વચ્ચે જગા સાંકડી છે. એ સાંકડી જગાને પેલે પાર કોઈક લૂગડું ફરકી ગયું હોય એવું લાગ્યું. કોઈક આદમીએ ઘોડાને મરડીને એક ટેકરી પાછળ લીધો છે એવું દેખાયું.

નસરુદ્દીન સમજી ગયો. નક્કી કોઈક વાટપાડુ ઊભો છે. હું નજીક પહોંચીશ એટલે બહાર નીકળશે અને મને લૂંટી લેશે. એ ઘોડેસવાર છે અને હું પગપાળો છું. એટલે મારાથી ભાગી શકાશે પણ નહિ. મારે જરૂર કશીક ચતુરાઈ કરવી પડશે.

અને નસરુદ્દીનને ચતુરાઈ ક્યાં બજારે લેવા જવું પડે એમ હતું ! એણે તો તરત જ વાંકા વળીને નારિયેળ જેવડો એક પથ્થર ઊઠાવ્યો. પોતાનો કમરબંધ છોડીને પથ્થરને એમાં વીંટાળ્યો. એને ગાંઠ વાળી. નાનકડી પોટલી બની ગઈ. એને ખભે લટકાવીને એ આગળ ચાલ્યો.

જેવો પેલી ટેકરીનો વળાંક આવ્યો એવો જ ચોર એની સામે પ્રગટ થયો. ખડખડાટ હસીને એ બોલ્યો. 'ખ્વાજા નસરુદ્દીન ! તારું અંગરખું મેં દૂરથી પારખી લીધું હતું. તે રાતે મને ખોટો ખોટો બોજ ઉપડાવનાર તું જ છે, એ મેં જોઈ લીધું હતું. હવે તારા પર બરાબરનું વેર વાળું છું !'

હવે નસરુદ્દીનને ખ્યાલ આવ્યો કે આ તો પેલો ચોર જ છે !

પણ એથી નસરુદ્દીનની યુક્તિમાં કશો ફેર ન પડયો. ઊલટાનો એને મનોમન આનંદ થયો કે ચોરને બેટમજીને ફરી વાર છેતરી શકાશે !

નસરુદ્દીને ખભે લટકાવેલી પેલી પોટલી હાથમાં લીધી. એ બોલ્યો : 'નજીકને ગામ એક શાહુકારને આ હજાર સોનામહોરો આપવા જાઉં છું.'

વાટપાડુ કહે : 'બસ, જલદી ઘૂંટણિભેર બેસી જા. સોનામહોરોની પોટલી મને આપ, અને માથું કપાવવા તૈયાર થઈ જા ! હા, હા, હા !'

નસરુદ્દીને જરાક ઓશિયાળું મોં કરીને કહ્યું : 'ભાઈ, વાટપાડુ ! હું જાણું છું કે હવે હું બરાબરનો ફસાયો છું. મારે લૂંટાવાનું છે મને મરવાનું છે. પણ આપ આમ ઘોડે બેઠા બેઠા તલવાર ન મારશો. કદાચ ઘા બરાબર ન વાગે ને મારી કઠણ ગરદન ન કપાય. નકામું મારે તરફડવું પડશે. માટે આપ ઘોડેથી ઊતરો અને કસીને તલવાર મારી ગરદન પર ઝીંકો.'

વાટપાડુ ચોરને વાત સાચી લાગી. કદાચ ઘા બરાબર ન વાગે અને નસરુદ્દીન બચી જાય. એ ઘોડેથી ઊતર્યો. નસરુદ્દીન તો ગરદન ઝુકાવીને ઘૂંટણિયે પડયો જ હતો. વાટપાડુ બોલ્યો : 'અબે ઉલ્લુ ! આ સોનામહોરો પહેલાં મને આપી દે. ક્યાંક તારા ગંદા લોહીથી એ ખરડાશે !'

નસરુદ્દીને રાંક અવાજે કહ્યું : 'મહેરબાન સાહેબ ! આ પોટલીમાં મારી જિંદગીભરની બચત છે. એ તમારા હાથમાં મૂકતાં મારો જીવ ચાલતો નથી. માટે લો, મહોરો જરા છેટે ફેંકું છું. એ આપ લઈ લો. પછી મને મારો ! એ....લો !'

કહેતાં નસરુદ્દીને પેલી પોટલી ટેકરી ઉપર ફેંકી. લોભિયા વાટપાડુને ચિંતા થઈ કે પોટલી ક્યાંક ખોવાઈ ન જાય. સોનામહોરો ક્યાંક ઢોળાઈ ન જાય. એ તો પોટલી જલદી હાથ કરી લેવા દોડયો.

નસરુદ્દીનને એટલું જ જોઈતું હતું. વાટપાડુ જેવો પથ્થરની પોટલી તરફ દોડયો એવો જ એણે કૂદકો માર્યો. કૂદીને એ વાટપાડુના ઘોડા પર સવાર થઈ ગયો. ઘોડાને એડી મારીને દોડાવી મૂક્યો.

■